તાપમાન
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૪૨ ટકા


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૬૭ | ૮ ડિસેમ્બર, ૨૦૧૬, ગુરૂવાર ; માગશર સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો

# વ્યાજદર-રેપોરેટ દર યથાવત : જીડીપી ઘટશે

**આરબીઆઈની નિરાશાજનક જાહેરાતની વચ્ચે સેંસેક્સ-નિફ્ટીમાં ઘટાડો : જીડીપીનો અંદાજ ૭.૬ ટકાથી ઘટાડીને ૭.૧ ટકા કરાયો : રેપોરેટના દર ૬.૨૫ ટકા યથાવત રખાયા : મોંઘવારી વધવાની શંકા વ્યક્ત કરવામાં આવી**




મુંબઈ,તા. ૭

ગત આઠમી નવેમ્બરના રોજ દેશભરમાંથી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટ ચલણમાંથી પાછી ખેંચવાના નિર્ણય બાદ આરબીઆઈએ આજે પહેલી વખત તેની મુદ્રાનીતિની સમીક્ષા કરી હતી. આ સમીક્ષામાં આરબીઆઈએ વ્યાજદરમાં કોઇ ફેરફાર કર્યા નથી. આ સાથે જે લોકોએ લોન લીધી છે તેમના ઉપરાંત અર્થશાસ્ત્રીઓ અને ઉદ્યોગ જગતની તમામ આશાઓ ઉપર પાણી ફરી વળતા તેની અસર શેરબજાર બજાર ઉપર પણ જોવા મળી હતી.

આજે મુંબઈ શેરબજારના સેંસેક્સ અને નિફ્ટીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. આરબીઆઈએ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭માં વિકાસદરનો અંદાજ ૭.૬ ટકાથી ઘટાડીને ૭.૧ કરી દીધો છે. આ સાથે જ એક મહત્વની બાબત એ પણ સામે આવી છે કે, ૧૪માંથી ૧૧.૫૫ લાખ કરોડ રૂપિયાની જુની નોટો બેંકોમાં પરત આવી ગઈ છે. નોટબંધી પછી પહેલી વખત રિઝર્વ બેંક દ્વારા કરવામાં આવેલી મુદ્રા સમીક્ષામાં ક્રેડિટ પોલિસીનું એલાન કરવામાં આવ્યું છે. બીજી તરફ નીતિગત નિર્ણયોમાં દેશનો વિકાસદર ઓછો થવા અંગેનો

● અનુસંધાન પાન-૭ પર

## સોનાનો ભાવ ૯ મહિનામાં સૌથી નીચો

નવી દિલ્હી,તા. ૭

એક તરફ આરબીઆઈ દ્વારા મુદ્રાનીતિ સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી જેમાં વ્યાજદરોમાં કોઇ ફેરફારો ન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જ્યારે બીજી તરફ સોનાના ભાવમાં સતત ઘટાડો જારી રહેવા પામ્યો છે. વૈશ્વિક બજારોમાં સતત ઘટાડાના વલણને પગલે સોના ચાંદી બજારમાં પણ સોનાના ભાવમાં ૨૫૦ રૂપિયાથી વધારાનો ઘટાડો નોંધાવા પામ્યો છે. સોનાના ભાવ ૨૯૦૦૦ રૂપિયાથી ઘટીને ૨૮૮૦૦ પ્રતિ ૧૦ગ્રામ ઉપર પહોંચી ગયો છે.

## સંસદના ગતિરોધ મુદ્દે અડવાણીની નારાજગી



નવીદિલ્હી,તા. ૭

છેલ્લા ૧૬ દિવસથી સંસદમાં ચાલી રહેલા હંગામાને લઈને જ્યાં બંને ગૃહોમાં કોઇ કાર્યવાહી થઈ શકી નથી ત્યાં વરિષ્ઠ ભાજપ નેતા એલકે અડવાણીએ આ મામલે પોતાની ઉગ્ર નારાજગી જાહેર કરી છે. એટલું જ નહીં પરંતુ આ મામલે તેઓ લોકોની વચ્ચે પોતાની વાત રજૂ કરશે એવી તેમણે જાહેરાત કરી છે.

ભાજપના સિનિયર નેતા એ સમયે ગુસ્સે થયા કે જ્યારે અધ્યક્ષ દ્વારા ગૃહની કાર્યવાહી બે વાગ્યા સુધી મોકૂફ રાખવાની જાહેરાત કરવામાં આવી. આ પછી તરત જ અડવાણી ખુબ ગુસ્સે થઈ ગયા હતા અને તેમણે કહ્યું કે, એક તરફ વિરોધ પક્ષ ગૃહ ચાલવા દેતો નથી અને બીજી તરફ અધ્યક્ષ અને સંસદીય કાર્યમંત્રી આ ગૃહોનું અપમાન છે. તેમણે કહ્યું કે, આ પરિસ્થિતિ કોઈ પણ કાળે સહન કરી શકાય નહીં. અડવાણીના ગુસ્સા બાદ અનંતકુમાર અને એસએસ આહલુવાલિયા બંને તેમને ગૃહની બહાર લઈ ગયા હતા અને તેમને ગાડીમાં બેસાડ્યા હતા પરંતુ આ દરમિયાન સિનિયર નેતા એવા અડવાણીએ કહ્યું કે, આ મામલે તેઓ લોકોની વચ્ચે જશે અને પોતાનો પક્ષ રજૂ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અડવાણીએ ભાજપ માર્ગદર્શક મંડળના એક મહત્વના નેતા છે.

# ધુમ્મસના પગલે ફલાઈટ-ટ્રેન સેવાને માઠી અસર

**દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતના જનજીવન પર અસર : અનેક ટ્રેન મોડી ચાલી રહી છે આઠ ઈન્ટરનેશનલ ફલાઈટ તેમજ ૫ ડોમેસ્ટિક ફલાઈટ નિયત સમય કરતા મોડી**



નવી દિલ્હી,તા. ૭

દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતના અનેક વિસ્તારોમાં ભારે ધુમ્મસના કારણે જનજીવન ઉપર અસર જોવા મળી રહી છે. ધુમ્મસના કારણે અનેક ટ્રેનો જ્યાં રદ કરવામાં આવી છે તો બીજી તરફ અનેક ટ્રેનો તેના નિર્ધારિત સમયથી મોડી ચાલી રહી છે. ધુમ્મસના કારણે દિલ્હી આવનારી અને દિલ્હીથી અન્ય વિસ્તારો તરફ જનારી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અનેક ફલાઈટ પણ નિર્ધારિત સમયથી મોડી જઈ રહી છે. એક અહેવાલ અનુસાર આવનારા દિવસોમાં પણ ભારે ધુમ્મસથી રાહત મળવાની કોઈ આશા નથી. એટલું જ નહીં પરંતુ આ મહિનાના બીજા અઠવાડિયાની અંદર હજુ પણ આનાથી વધુ ધુમ્મસ જોવા મળી શકે છે. એએનઆઈના અહેવાલ મુજબ ખરાબ વિજિબીલીટીને કારણે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટથી ૮ જેટલી ઈન્ટરનેશનલ ફલાઈટ પણ લેટ થયેલી છે અને ત્રણ ફલાઈટોને ડાયવર્ટ કરવામાં આવી છે. આ ઉપરાંત પાંચ જેટલી ડોમેસ્ટિક

● અનુસંધાન પાન-૭ પર

# ઈસરો દ્વારા રિસોર્સસેટ-૨ એનું સફળતાપૂર્વક લોન્ચિંગ કરાયું

**ઇસરોની અવકાશી ક્ષેત્રે વધુ એક સિદ્ધિ : ભારતને વન તેમજ જળસંશાધનો અંગે માહિતી મળશે**

શ્રીહરિકોટા,તા. ૭

ઈસરો દ્વારા રિમોટ સેંસિંગ સેટેલાઈટ રિસોર્સસેટ-૨ એને સફળતાપૂર્વક અંતરિક્ષમાં સ્થાપિત કરી દીધું છે. બુધવારે સવારે ૧૦.૨૪ કલાકે પીએસએલવી-સીઉ૬ની મદદથી એનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ સાથે જ ઈસરોએ વધુ એક ઉપલબ્ધિ મેળવી છે. આ રિસોર્સસેટ-૧ અને ૨ની કડીનો સેટેલાઈટ છે.



૧૨૩૫ કિલોનો આ સેટેલાઈટ ભારતને જમીની સંસાધનો અંગે માહિતી આપશે. એનો મતલબ એ થયો કે, ભારતમાં આવેલી વન સંપત્તિ અને પાણીના સ્ત્રોતો અંગે માહિતી મળશે. એનાથી એ જાણવામાં પણ મદદ મળી શકે છે કે, દેશના કયા વિસ્તારમાં કેટલું ખનીજ ઉપલબ્ધ છે. ભારત દ્વારા આજે અવકાશી ક્ષેત્રે રિસોર્સસેટ-૨ એને સફળતાપૂર્વક લોંચ કરી અંતરિક્ષની કક્ષામાં તેને સ્થાપિત કરવામાં આવ્યો છે. આ સેટેલાઈટ પાંચ વર્ષ સુધી સેવાઓ આપશે. તેને પૃથ્વીની કક્ષાથી ૫૧૭ કિલોમીટર ઉપર સ્થાપિત કરવામાં આવશે. ૨૦૦૩માં રિસોર્સસેટ-૧ લોંચ કરવામાં આવ્યો હતો. બીજી તરફ ૨૦૧૧માં રિસોર્સસેટ-૨ લોન્ચ કરવામાં આવ્યો હતો. અંતરિક્ષ કાર્યક્રમમાં ભારતની આ સૌથી મોટી સફળતા છે. ૧૯૬૩માં કેરલ સ્થિત કુંભા એક્ટીવોટોરિયલ રોકેટ લોન્ચિંગથી પહેલો સાઉન્ડિંગ રોકેટ છોડવામાં આવ્યો હતો એ પછી ઈસરોએ અત્યાર સુધી અંતરિક્ષ કાર્યક્રમમાં અનેક સફળતાઓ મેળવી છે.

# ભારે વરસાદથી આંદામાનમાં ૧૪૦૦ પ્રવાસીઓ ફસાયા

**નેવી દ્વારા ફસાયેલા પ્રવાસીઓને બચાવવાની કવાયત શરૂ : ભારે વરસાદ અને બંગાળની ખાડીમાં ઉદ્‌ભવેલા પ્રેશરને લઇ સતત વરસાદથી પ્રવાસીઓને સુરક્ષિત બહાર લાવવા માટેની કામગીરી આડે અનેક અવરોધો**

નવી દિલ્હી,તા. ૭

આંદામાનના હેવલોક ટાપુ ઉપર ભારે વરસાદના કારણે ૮૦૦ જેટલા પ્રવાસીઓ ફસાયા છે. આ પ્રવાસીઓમાં ૩૫૦ જેટલા ગુજરાતી પ્રવાસીઓ હોવાનું બહાર આવવા પામ્યું છે. પ્રવાસીઓને બચાવવા માટે સિવિલ એડમિનિસ્ટ્રેશને ભારતીય નેવીની મદદ માંગી છે. એટલું જ નહીં પરંતુ નેવીના ચાર જહાજ પ્રવાસીઓને બચાવવા માટે કાર્યરત કરી દેવાયા છે. આ અંગે મળતી વિગતો અનુસાર નેવી તરફથી જારી કરવામાં આવેલા એક નિવેદન મુજબ ભારે વરસાદના કારણે હેવલોક આઈલેન્ડ ઉપર ૮૦૦ જેટલા પ્રવાસીઓ ફસાઈ જવા પામ્યા છે. સ્થાનિક પ્રશાસન આ પ્રવાસીઓને સુરક્ષિત બહાર કાઢવા માટે નેવીની મદદ માંગી હતી. નેવીએ પ્રવાસીઓને સુરક્ષિત બહાર કાઢવા માટે જે ચાર જહાજોનો હેવલોક મોકલ્યા છે તેમાં આઈએનએસ બિત્રા, બંગારમ અને કુંભીર તથા એલસીયુ-૩૮ છે. હેવલોક આંદામાન દ્વીપના પૂર્વમાં આવેલો એક દ્વીપ છે જે દક્ષિણ આંદામાન



● અનુસંધાન પાન-૭ પર

## ગુજરાતના ૩૫૦ પ્રવાસીઓ પણ ફસાયા

**રાહત કમિશનર કહે છે અમારી પાસે વિગત નથી રાજ્યના વિવિધ વિસ્તારોમાં પ્રવાસીઓ પહોંચ્યા હતા**

અમદાવાદ,તા. ૭

આંદામાનના હેવલોક ટાપુ પર ભારે વરસાદના કારણે ૮૦૦થી વધુ પ્રવાસીઓ ફસાઈ ગયા છે. આ પ્રવાસીઓને સુરક્ષિત બહાર લાવવા માટે જ્યાં એક તરફ નેવી તરફથી કાર્યવાહી શરૂ કરાઈ છે ત્યાં બીજી તરફ આ પ્રવાસીઓમાં ૩૫૦ જેટલી ગુજરાતી પ્રવાસીઓ પણ સમાવેશ થતો હોવાની વિગતો બહાર આવવા પામી છે. આ અંગે મળતી વિગતો અનુસાર રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી ૩૫૦થી વધુ પ્રવાસીઓ વિવિધ માધ્યમ દ્વારા આંદામાન નિકોબાર અને પોર્ટબ્લેયર સહિતના વિસ્તારોની મુલાકાતે પહોંચ્યા હતા જે દરમિયાન હેવલોક ટાપુ પરના તેમના રોકાણ સમયે જ કુદરતી આફત આવી પડી હતી અને ભારે વરસાદને કારણે તથા ચક્રવાત પવનોના કારણે આ પ્રવાસીઓને તેમનો જીવ બચાવવા માટે હેવલોક ટાપુ ઉપર ફસાઈ જવાની નોબત આવી પડી હતી. દરમિયાન એક તરફ નેવી દ્વારા તમામ મુસાફરોને સુરક્ષિત બહાર કાઢવાની તજવીજ હાથ ધરાઈ છે ત્યારે ચોક્કસ કેટલાક ગુજરાતી પ્રવાસીઓ હેવલોક ટાપુ ઉપરની ઘટનામાં ફસાયા છે તે અંગે રાજ્ય સરકારના રાહત કમિશનર પાસે વિગત ઉપલબ્ધ ન હોવાનું જાણવા મળ્યું છે.

## ટાઈમ પર્સન ઓફ ધ ઈયર અમેરિકી પ્રમુખ ટ્રમ્પ જાહેર

ન્યુયોર્ક, તા.૭

અમેરિકી રાષ્ટ્રપ્રમુક ડોનાલ્ડ ટ્રમ્પને ટાઈમ મેગેઝિન દ્વારા વર્ષ ૨૦૧૬ માટે ટાઈમ પર્સન ઓફ દ યર તરીકે ચૂંટવામાં આવતા આ સમાચારને પગલે સમગ્ર અમેરિકાના વિવિધ પ્રાંતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ વખતે ટાઈમ પર્સન ઓફ દ યરના મોટા દાવેદાર હતા. ઓનલાઈન વોટીંગમાં પણ આગળ રહ્યા હતા જો કે મોટાભાગના વોટ ન્યુજર્સીના સર્વરથી જ થયા હોવાની વાત પણ બહાર આવી હતી. ટાઈમ મેગેઝીનના સંપાદકોએ આ સમ્માનના ફાઈનલ દાવેદાર તરીકે ૧૧ લોકોને પસંદ કર્યા હતા.


VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651

મેળવો....
Up to 10% off
મોતિયાના ઓપરેશન માટે
ડૉ. તેજલ દલાલ
એમ.એસ. ઓપ્થલ.
સમય : બપોરે ૧૨ થી સાંજે ૮
WE ARE CELEBRATING 20 YEARS OF SUCCESS
તેજ આઈ સેન્ટર
॥ तमसो मा ज्योतिर्गमय ॥
આઈ હોસ્પીટલ
ઓપ્ટીકલ્સ
ડાયાબીટીક કલબ અને ગ્લુકોમા કલબમાં જોડાઓ.
તમારી જુની ચશ્માની ફ્રેમ આપીને Vision Drive માં જોડાઓ.
www.tejeyecenter.com contact@tejeyecenter.com
ગાંધીનગર | અમદાવાદ | ચાંદખેડા 079 23245126 & 9924088500
Tej Eye app